દાખલ તારીખ : ૦૮/૧૦/૨૦૨૨
રજી.લીધા.તા. : ૦૮/૧૦/૨૦૨૨
ફેસલ તારીખ : ૨૮/૦૮/૨૦૨૩
અવધી : વર્ષ માસ દિવસ

**(૧) ફોર્મ–એ** **આંક–**

| |
|---|
| **સાયલાના મહે. શ્રી જે.વી.ચૌહાણ, જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમા, મુ.સાયલા.**<br>જજમેન્ટની તા.૨૮/૦૮/૨૩<br>**ફોજદારી કેસ નં.૪૧૨/૨૦૨૨**<br>સાયલા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૧૧૦૪૫૨૨૦૧૪૪/૨૦૨૨<br>પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એફ. |
| ફરીયાદી : ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. : **શ્રી આર.જી.પહોંચીયા** |
| આરોપી : મહેશભાઈ ઝવેરભાઈ બાવળવા, રહે.સામતપર, તા.સાયલા.જી.સુરેન્દ્રનગર |
| આરોપી તરફે વિ.વ.શ્રી **આર.એસ.કારોલીયા** |

**(૨) ફોર્મ–બી.**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૧–૦૬–૨૦૨૨ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૧–૦૬–૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૧૪–૦૭–૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૧૯–૧૨–૨૦૨૨ |
| પુરાવો નોંધવાનુ શરુ કર્યા તારીખ | ૧૦–૦૪–૨૦૨૩ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૧૮–૦૮–૨૦૨૩ |
| જજમેન્ટની તારીખ | ૨૮–૦૮–૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ (જો હોય તો) | – |

| ક્રમ | આરોપીનુ નામ | ધરપકડ તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુના હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષિત કે નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી. આર. પી.સી.ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મહેશભાઈ ઝવેરભાઈ | ૦૭.૦૭.૨૨ | ૦૮.૦૭.૨૨ | પ્રોહી.૬૫ એફ. | નિર્દોષ | – | – |

(૩) ફોર્મ–સી

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત.**

*એ. ફરીયાદપક્ષ*

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧. | અમરકુમાર કનુભા ગઢવીની જુબાની (આંક–૧૩) | ફરીયાદી |
| ૨. | મુકેશભાઈ સોમાભાઈ ધુધલીયાની જુબાની (આંક–૧૯) | પંચ |
| ૩. | વિપુલભાઈ વરસીંગભાઈ દેત્રોજાની જુબાની (આંક–૨૧) | પંચ |

*બી. બચાવપક્ષ*

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | ––નીલ–– | |

*સી. કોર્ટ સાક્ષી*

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | ––નીલ–– | |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | ફરીયાદ |
| ૨. | ૨૦ | મુદામાલ કબજે કર્યાનું પંચનામુ |

*બી. બચાવપક્ષ*

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| | ––નીલ–– | |

*સી. કોર્ટ સાક્ષી*

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| | ––નીલ–– | |

**–:: જજમેન્ટ ::–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત::–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના દિવસે, સમયે અને સ્થળે ગે.કા.દેશી દારુ બનાવવાનો આથો લીટર–૧૮૦૦ કી.રુ.૩૬૦૦/–

નો પોતાના કબજામાં રાખી , પ્રોહીબીશન એકટની કલમ–૬૫–એફ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનના અધિકારીએ ફરીયાદીની ફરીયાદ અંગે ગુનો નોંધી, ગુનાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ, પ્રોહીબીશન એકટની કલમ–૬૫–એફ મુજબના ગુના અન્વયે હાલનું ચાર્જશીટ કરેલ છે.

આ કામે ફરીયાદપક્ષના કેસ સબંધી ચર્ચા કરતા પુર્વે એ નોંધવુ જરુરી છે કે, ગુજરાત સરકારશ્રી દવારા તાજેતરમાં પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ પ્રોહીબીશન એકટની જોગવાઈઓ તેમજ સજા સબંધી જોગવાઈઓમાં સુધારો કરવામાં આવેલ હતો. બાદ નામ.ગુજરાત વડી અદાલત દવારા ફો.પ.અ.નં.૮૮૯૨/૨૦૧૮ તા.૦૫/૦૫/૨૦૧૮ દવારા આપવામાં આવેલ ચુકાદા મુજબ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનું ઠરાવેલ છે. જેથી પ્રોહીબીશન એકટ સુધારા બાદના કેસો ચલાવવાની અત્રેની કોર્ટને સત્તા આપેલ હોય, હાલનો કેસ ચલાવવામાં આવેલ છે.

(૨) આરોપીને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક– ૬ થી ગુન્હા સબબ તહોમતનામુ ફરમાવી આંક–૭ થી ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ, જેથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩) આ કામના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દા

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ બનાવના દિવસે, સમયે અને સ્થળે ગે.કા.દેશી દારુ બનાવવાનો આથો લીટર–૧૮૦૦ કી.રુા.૩૬૦૦/– નો પોતાના કબજામાં રાખી, પ્રોહીબીશન એકટની કલમ–૬૫–એફ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

(૫) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માંહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૬) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં ઉપર જણાવેલ પંચ સાહેદોને આંક–૧૯ અને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોએ પોત પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને પોલીસે એક તૈયાર કાગળમાં સહી કરવાનુ કહેતા સહી કરેલી અને પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાનું જણાવી તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે, તેમાં પંચ તરીકે તેઓની સહિ ઓળખી બતાવે છે. જે પંચનામું રજૂ કરેલ છે. મજકુર પંચોની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી તેઓએ વિગતવાર ઉલટતપાસ કરેલ છે તેમ છતા તેવી ઉલટતપાસમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત બહાર આવતી નથી. આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવાથી તેઓની હાજરીમા આ કામના આરોપી પાસેથી કોઈ દેશી દારુ બનાવવાનો આથો કબજે કરવામા આવેલ હોય અને તે અંગેનું વિગતવારનુ પંચનામુ તેઓના લખાવ્યા મુજબનુ તૈયાર કરવામા આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે પંચનામાની હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૭) સદર કામે ફરિયાદ પક્ષ તરફથી આગળ ઉપર જણાવેલ આ કામના ફરીયાદીને આંક–૧૩ તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં સોગંદ ઉપર ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપી, ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ છે જે આ કામે આંક–૧૪ થી રજુ કરેલ છે. જયારે આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદીએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદામાલ મળી આવેલ નથી. બનાવ સ્થળેથી આરોપીની હાજરી મળી આવેલ નથી**. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા તથા ખુલ્લી જગ્યા છે. બનાવવાળી જગ્યાએથી કોઈ માણસને ભાગતા નાશતા જોયેલ નથી. વધુમાં, પ્રોહી. અંગે કેસ કરવા તેઓને ઉપરથી સુચના આપતા હોય છે. આ સિવાય બચાવપક્ષે કરવામા આવેલ તમામ પ્રશ્નોના ઈન્કારમા જવાબ આપેલ છે.

(૮) આમ, દફતરી સામગ્રી ઉપર આવેલ પુરાવો જોતા, ઉપરોકત સાહેદ આ કામના ફરીયાદી છે અને તેઓએ સદરહુ ગુનાની ફરીયાદ નોંધાવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ ફરીયાદીના પુરાવામાં એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી કે **જે જગ્યાએ રેઈડ કરેલ, તે જગ્યાની માલીકી આરોપી હતી કે કેમ અને તે બાબતે કોઈ આધાર પુરાવો આ કામે રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી. પરંતુ રેઈડ દરમ્યાન આરોપી સ્થળ પર મળી આવેલ નહી હોવાનુ રેકર્ડ ઉપર જણાઈ આવે છે.** વધુમાં, રેકર્ડ જોતા, મુદામાલ પ્રવાહીના નમુના પૃથ્થકરણ અર્થે લીધેલ પરંતુ એફ.એસ.એલ. તરફથી પૃથકરણ અહેવાલ રેકર્ડ ઉપર રજુ થયેલ હોવાનુ જણાઈ આવતુ નથી, તે સંજોગોમાં કબજે કરવામાં આવેલ પ્રવાહી દેશી દારુ બનાવવાનો આથો જ હતો તેવુ પણ માની શકાય નહી. વધુમાં, ફરીયાદપક્ષના કેસ મુજબ જેમની હાજરીમાં રેઈડ કરવામા આવેલ છે તે પંચ સાહેદોને આ કામે તપાસેલ છે પરંતુ પંચ સાહેદોએ તેમની હાજરીમા કોઈ રેઈડ કરવામા આવી હોય કે તેઓ પોલીસ સાથે કયાંય ગયેલ હોય અને આરોપીના કબજામાંથી દેશી દારુ બનાવવાનો આથો મળી આવેલ હોય અને તે અંગેનું વિગતવારનું તેઓની હાજરીમા તેઓના લખાવ્યા મુજબ પંચનામુ તૈયાર કરેલ હોય તેવી હકીકતને પૃષ્ટિ પ્રાપ્ત થયેલ નથી. વધુમાં, ફરીયાદપક્ષને પ્રથમથી જ બાતમી હકીકત હોવા છતા તેઓએ કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. આમ, જે કાર્યવાહી આરોપી સામે થયેલ છે તેના પંચોએ આવી કોઈ જ હકીકતને સમર્થન કરેલ નથી અને પંચો એ સ્વતંત્ર છે. આ ઉપરાંત

બનાવના સ્થળે સ્વતંત્ર સાહેદોની હાજરી સુચક હોવાછતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોય તેવુ જણાય આવતુ નથી. જેથી માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહી.

(૯) આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે કહેવાતો દેશી દારુ બનાવવાનો આથો વાંધાજનક મુદ્દામાલ અંગેનો જે રીતે ફરીયાદીનો કેસ છે તે પ્રમાણે આરોપીના સભાન અને પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાં મળી આવેલ હોવાનું નિ:શંકપણે સાબીત થવું જરૂરી છે. જો એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપીત થાય પછી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય છે. પરંતુ હાલના કેસમાં દલીલો ખાતર એકવાર કહેવાતું ઉપરોકત પંચનામુ સાબીત થયેલું માની પણ લઈએ તો પણ જે જગ્યાએથી મુદામાલ મળી આવેલ છે તે જગ્યા આરોપીના કબજામા હતી અગર તો આરોપીની માલીકીની હતી તેવું બતાવતો કોઈ જ પુરાવો આ કામે રજૂ નથી. વધુમાં, બનાવ સ્થળે આરોપીની હાજરી પણ હોવાનુ જણાઈ આવતુ નથી. આમ વાંધાજનક મુદ્દામાલનો આરોપીનો કબજો હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી. આ કામે બનાવના સ્થળે અન્ય સાહેદોની સુચક હાજરી હોવા છતા સ્વતંત્ર સાહેદોના જવાબ પણ નથી. જેથી આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, જયારે આ કામના સ્વતંત્ર પંચ સાહેદો જ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન આપતા ન હોય, અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો ન હોય, આરોપીના સભાન કબજામાંથી કહેવાતો મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય, આ કામે સાહેદોના પુરાવો ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો આવેલ નથી. આમ, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતાં આ કામના આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકતા ન હોય તેમજ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદોના પુરાવાથી, ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરતા અને નિ:શંક પુરાવાઓથી સાબીત કરી શકેલ હોય તેમ જણાતુ ન હોય તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતાં હોવાનું આ અદાલતનું માનવું હોય, મુદ્દા નં.૧ નો જવાબ '**નકારમાં**' ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:હુકમ:–</u>**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૪૮(૧) હેઠળ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૫–એફ મુજબના ગુન્હામાંથી પુરતા અને નિ:શંક પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરેલ મુદામાલનો નિયમ મુજબ અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈ અનુસાર આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૫૦૦૦/–ની રકમના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ: ૨૮મી માહે: ઓગસ્ટ, સને: ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮–૦૮–૨૦૨૩
સ્થળ –: સાયલા.

( **જયેશ વાલજીભાઈ ચૌહાણ** )
જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સાયલા. જજ કોડ નં.જીજે૦૦૧૪૩૧